Vol. 8, Issue: 2, February: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# સતીશ વ્યાસ કૃત 'કામરું' એકાંકીની પાત્રસૃષ્ટિ

ધર્મેન્દ્ર આર. પટેલ

સતીશ વ્યાસ કૃત 'કામરું' એકાંકી 'તીડ' સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. આ એકાંકીમાં કામરું દેશ અને સ્ત્રીરાજની પ્રસિદ્ધ લોકકથાનું કલ્પન છે. કામરુંની રાણી પુરુષદ્વેષિણી છે. જયાં ફક્ત સ્ત્રીઓજ વસે છે. તેવાં કામરું દેશ પર મહારાણી કામિની શાસન ચલાવતી હોય છે. અહીં પુરુષને પ્રવેશ નથી. લવંગ નામનો તરુણ અહી અકસ્માતે આવી ચઢે છે અને સલામતી ખાતર સ્ત્રીઓમાં ભળી લવંગિકા નામ ધારણ કરીને રહેતો હોય છે. યામિનીને તેના પુરુષપણાની જાણ થાય છે અને તેની સાથે સબંધ બાંધે છે. ફલતઃ સગર્ભા બને છે અને તેની શંકા કામિનીને થાય છે અને તેની પ્રસુતિ કરવાં શક્તિયજ્ઞનો કૃપાપ્રસાદ વહેંચતી વખતે તે બધી સ્ત્રીઓને આલિંગે છે ત્યારે લવંગ પકડાઇ જાય છે. ત્યારબાદ કામિની પણ લવંગ સાથેના સબંધથી સગર્ભા બને છે અને પછી તે લવંગની હત્યા કરાવી નાંખે છે. કામિની મૃત પુત્રાને જન્મ આપે છે અને યામિનીના પુત્રાને દુધ પીતો કરવાની યોજના ઘડે છે, પણ યામિની તેનો પ્રબળ વિરોધ કરે છે. અંતે કામિનીનું હૃદય પરિવર્તન થાય છે અને યામિની ના પુત્રાને છાતીએ વળગાડીને બધી સ્ત્રીઓને મુક્તિ આપે છે.

'કામરું'માં કુલ આઠ પાત્રો છે. તેમાથી કામિની, યામિની, ભામિની, અલકનંદા, દામિની, લવંગિકા, કિશોરી-૧ અને કિશોરી-૨. તેમાથી સાત સ્ત્રી પાત્રો અને લવંગિકા એ માત્ર એક જ પુરુષ પાત્ર છે. આ આઠેય પાત્રોને સર્જકે તેમના સંવાદો તથા વાણી વર્તનથી નિરૂપિત કર્યા છે. પાત્રોના સંવાદો દ્વારા તેમના આંતરિક તથા બાહ્ય વ્યક્તિત્વનો પરિચય થાય છે. દરેક પાત્રોની આગવી વિશેષતા છે, દરેકની આગવી રીત રસમ છે. પાત્રોનો અભ્યાસ કરતાં તેમના મનોજગતનો પણ ખ્યાલ મળે છે. પ્રસ્તુત અભ્યાસ લેખમાં દરેક પાત્રોના વ્યક્તિત્વને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.

## (૧) કામિની

'કામરું' એકાંકીમાં કામિની રાણીનું સ્ત્રીપારાજ છે. કામિની પુરુષદ્વેષિણી છે. પોતાના પ્રદેશમાં નજરે ચઢતા પુરુષનો વધ કરાવી નાંખે છે. અહીં કામિનીના કહેવાથી પુરુષનો નામોચ્ચાર પણ અપરાધ ગણાય છે. પુરુષો અંગેની વાર્તા સાંભળવી એ પણ અપરાધ ગણાય છે. કદાચ જો એમ બને તો કામિનીરાણી વાર્તા કહેનાર અને વાર્તા સાંભળનાર એમ બંનેને આજીવન કારાવાસ આપી દે. કામિનીને પુલ્લિંગ વિનાની ભાષાની વાત ગમે છે. દા.ત. અઘરનું અઘરિકા, પગનું પગિકા, મરણનું મરણિકા, હસ્તનું હસ્તિકા વગેરે. યામિની અને અલકનંદા સ્ત્રિલિંગ સૂચક સંજ્ઞાઓની વાત કરે છે અને એ કામિનીને ગમે છે. એ માટે સભામાં વ્યવસ્થિત ચર્ચા વિચારણા કરવાનુ પણ કહે છે. આમ અહી કામિનીનું એક રૂપ જોવા મળે છે. કામિનીદેવીનું ચાલે તો આ ધરતી ઉપર નારી સિવાયના બધા જ જીવોનુ નિકંદન કઢાવી નાંખે. લવંગ નામનો તરુણ અહી આવી ચઢે છે અને પોતાનો જીવ બચાવવા ડરનો માર્યો લવંગિકા નામ ધારણ કરી સ્ત્રી વેશે રહે છે. તેની સાથે સજાતિય સબંધ બાંધવા જતાં યામિની સગર્ભા બને છે. કામિની આ રહસ્ય પામી જાય છે. જો કે કામિની ખૂબ જ ચતુર-ચાલાક નારી હોય છે. યામિની પોતે નવનાથની કથા સ્વપ્નમાં સાંભળી હોવાથી સગર્ભા બનવાની વાત કરે છે પણ કામિનીને યામિનીની વાત ગળે ઉતરતી નથી. છતા તે અંગે યામિની ને રૂબરૂ કોઇ જ વાત કરતી નથી. પોતાના પ્રદેશમાં કોઇ પુરુષનો પ્રવેશ થયો છે એનો તેને ખ્યાલ આવી જાય છે તેથી તે શક્તિયજ્ઞ કરાવવાને બહાને કૃપાપ્રસાદ વહેંચી દરેક સ્ત્રીને આલિંગે છે અને એ રીતે લવંગિકાને આલિંગતા લવંગિકાના પુરુષપણાની તેને જાણ થાય

છે. પોતે પુરુષદ્વેષિણી કામિની તે વખતે લવંગિકા પુરુષ છે તેની જાણ કોઇનેય કરતી નથી પરંતુ કામાતુર બનેલી કામિની પોતે એ પુરુષ પર બાળાત્કાર કરે છે અને ત્યારબાદ તેની હત્યા કરાવી દે છે એ રીતે જોતા બ્રહ્મચર્યનું બધી સ્ત્રીઓ પાસે પાલન કરાવનાર કામિની ખૂદ વાસના ભૂખી છે તેની પ્રતીતી તેનું ઉપર્યુક્ત કૃત્ય કરાવી જાય છે. હવે કામિની સગર્ભા બને છે. યામિની પુત્રને જન્મ આપે છે. કામિની પણ પુત્રને જન્મ આપે છે પણ કામિનીનો પુત્ર જન્મતાની સાથે જ મૃત્યુ પામે છે તેથી ઈર્ષ્યાળુ કામિની યામિનીનો પુત્ર જીવતો ન રહે તે માટે તેને દૂધપીતો કરવાની યોજના ઘડે છે. યામિની કામિનીના હુકમોનો પ્રબળ વિરોધ કરે છે. તેમછતા જડ નારીવાદી માનસ ધરાવતી કામિની પોતાનો નિર્ણય બદલવા તૈયાર થતી નથી પણ “સંતાન પવિત્ર હોય છે.”(‘તીડ’-પૃષ્ઠ-૪૩) ભામિનીના એ ઉદ્ગારોથી હૃદય પરિવર્તન થાય છે. તેનું સ્ત્રીત્વ જાગૃત થતાં કામિની યામિનીના પુત્રને છાતીએ વળગાડે છે. આમ પુરુષ માત્રને વધ કરાવવામાં માનતી કામિનીનું હૃદય દ્રવી ઉઠે છે. કામિની ગદગદકંઠે: “ હા, એનો ક્યો વાંક? આજે મારું મન પણ નિયમો તોડવા વિચલિત છે. (‘તીડ’-પૃષ્ઠ-૭૦) આ દંભી દુષ્ટ કામિનીએ લવંગિકાનો વધ પોતે કરાવ્યો છે. પોતે લવંગિકા પર બાળાત્કાર કર્યો છે અને લવંગના દેહનું પોતે આકર્ષણ રોકી શકી ન હતી અને તેનો ખૂલ્લેઆમ એકરાર કરે છે. કામિની યામિનીની ક્ષમા યાંચે છે. એની બધી જ સ્ત્રીઓને કડક નિયમોમાંથી મુક્ત કરે છે.

આ પાત્રમાં પુરુષ પ્રત્યેનો દ્વેષભાવ જોવા મળે છે. તે દંભી અને સ્વાર્થી પણ છે. વાસ્તવિકતાને છુપાવવાં તે કયાંય પાછી પાની કરતું નથી. તે ચતૂર અને બુદ્ધિશાળી પણ છે. બધી સ્ત્રીઓને બ્રહ્મચર્યનુ પાલન કરાવવામાં માનનાર આ પાત્ર પોતે જ વાસનાભૂખ્યુ છે પણ આ પાત્રમાં માતૃત્વની ભવિના જાગૃત થતાં પોતાની નિર્બળતાનો નમ્રપણે એકરાર કરતાં પાછી પાની કરતું નથી.

## (૨) યામિની

આ એકાંકીમાં યામિનીનું એક પાત્ર છે. પુરુષવાચક શબ્દોને યામિની અપશબ્દ ગણાવતી હોય છે. કારણ કે યામિનીને ખબર હોય છે કે કામરું દેશમાં પુરુષનો નામોચ્ચાર પણ અપરાધ ગણાય છે. તેને કારણે યામિની બીજી સ્ત્રીઓને પુલ્લિંગ વિનાની ભાષા ઉચ્ચારવાની સલાહ આપતી હોય છે. યામિનીને કામિનીનો ડર હોય છે અને એ અંગે બીજી સ્ત્રીઓને પણ ચેતવણી આપતી હોય છે. આમ યામિનીનું પાત્ર ભીરુ જણાય છે. પુલ્લિંગ વિનાની ભાષા પોતાને અસહજ લાગતી હોવા છતાં કામિનીના આદેશાનુસાર યામિનીને પુલ્લિંગ વિનાની ભાષા પ્રયોજવી પડે છે.“કાઢી મૂકે તો સારું જ ને છૂટીએ અહીંથી” (‘તીડ’-પૃષ્ઠ-૫૮) એમ કહેતી કામિની કામરું દેશમાથી છૂટકારો મેળવવા ઈચ્છતી હોય છે એને તો સામાન્ય સ્ત્રી જ બની રહેવું હોય છે.

તેથી જ જયારે લવંગિકા પુરુષ છે એ વાતની જાણ એને થાય છે ત્યારે તે લવંગિકા સાથે દેહ સબંધ પણ બાંધી બેસે છે અને સગર્ભા પણ બને છે પણ કામિની આ વાતનું રહસ્ય જાણવા ઈચ્છે છે ત્યારે યામિની પોતે નવનાથની કથા સાંભળવાથી ગર્ભવતી બની છે એમ જણાવી હકીકત છુપાવવાનો પ્રયત્ન કરે છે. આમ હકીકત છુપાવવા તેણે કામિની ને કરેલી વાતમાં યામિની એક સામાન્ય સ્ત્રીજ હોવાની પ્રતીતિ થાય છે પણ યામિની જયારે પુત્રને જન્મ આપે છે ત્યારે કામિની યામિનીના પુત્રને દૂધપીતો કરવાની વાત કરે છે ત્યારે યામિની કામિનીના હુકમનો પ્રબળ વિરોધ કરે છે. કામિનીથી ડરતી, કામિનીના નિયમોનુ વિવશ બની પાલન કરતી યામિની: “નહિ કરવાં દઉં આ વધ! ખબરદાર જો કોઈ આગળ વધ્યું છે તો.....”(‘તીડ’-પૃષ્ઠ-૬૯) એમ કહેતી યામિની એક સાહજિક સ્ત્રી પણ છે એની પ્રતીતિ પણ થાય છે. યામિની તેની પાસે ઉભેલી સ્ત્રીના હાથમાંથી ખડગ્ ખેંચી લે છે અને કામિની સામે પોતાનો આક્રોશ વ્યક્ત કરે છે. યામિની પોતાના પુત્રને બચાવવા માટે કામિનીનો વધ કરવાં તત્પર બને છે. આરંભમાં કામિનીથી ડરતી યામિની

પોતાના સંતાનને બચાવવા કામિની સામે હથિયાર ઉપાડતા પાછીપાની કરતી નથી એની ભીરુતા ઓગળી જાય છે. યામિનીની આ પ્રબળ ક્રાંતિથી કામિનીની દ્રઢતા ઓગળી જાય છે અને તેનુ હૃદય પરિવર્તન થાય છે. આરંભમાં વિવશતાભર્યુ-ભીરુ ખુશામતખોર લાગતું યામિનીનુ પાત્ર એક માતા તરીકે સાહજીક, નીડર, નિર્ભય, ક્રાંતિવીર નારી તરીકે દશ્યમાન થાય છે.

અહી આરંભમાં ભીરુ જણાતા યામિનીના પાત્રમાં પણ પોતાના સંતાનને બચાવવા ખાતર સાહસ અને વીરતા પ્રગટ થતા જોવા મળે છે. આ પાત્ર સાહસિક, નીડર, નિર્ભય અને ક્રાંતિવીર જણાય છે.

## (૩) ભામિની

ભામિનીનું પાત્ર બીજી સ્ત્રીઓ કરતા અલગ પડે છે. તેના મુખે 'પુરુષ' એવો શબ્દપ્રયોગ એક જ વખત થયો છે અને તે પણ નવનાથ જેવા પવિત્ર પુરુષ માટે. ભામિની સંયમી જીવન જીવવામાં બ્રહ્મચર્યનું પાલન કરવામાં માનનારી સ્ત્રી હોય છે. તેથી બીજી સ્ત્રીઓને પણ બ્રહ્મચર્યનું પાલન કરવાની અને પુલ્લિંગ વિનાની ભાષા ઉચ્ચારવાની તે વાત કરે છે. કારણ કે કામરું દેશમાં પુલ્લિંગ વિનાની ભાષા ન ઉચ્ચારે અને બ્રહ્મચર્યનો ભંગ કરનાર સ્ત્રીને કામિની કારાવાસ આપી દેતી હોય છે. એ રીતે જોતા ભામિની અન્ય સ્ત્રીઓને કામિનીથી ચેતવે છે. અહી ભામિનીનું પાત્ર પરહિતચિંતક લાગે છે. કામિનીને ભામિની સારી રીતે ઓળખતી હોય છે. દંભ વિનાનું સંયમી જીવન જીવનાર ભામિની ચતૂર પણ હોય છે. કામિની અને યામિનીના સગર્ભાવસ્થાની જાણ સૌ પ્રથમ ભામિનીને જ થાય છે. ભામિનીને યામિનીના સંતાન પ્રત્યે દયાભાવ નીપજે છે તેથી તે કહે છેઃ "હા કામિની દેવી સંતાન માત્ર પવિત્ર હોય છેઃ એનો ક્યોં વાંક" (તીડ-પૃ-૭૦) ભામિનીના એ ઉદ્‌ગારોનો કામિની ઉપર તીવ્ર પ્રભાવ પડે છે અને પુરુષાનિષેધમાં માનતી કામિનીની દ્રઢતા ઓગળી જાય છે. આમ, કામિનીનુ હૃદય પરિવર્તન કરાવવામાં યામિનીનો સિંહફાળો છે. અહી ભામિનીનું પાત્ર આદર્શ, સંયમી, પરહિતચિંતક અને દયાળુ હોવાની પ્રતીતિ થાય છે.

## (૪) અલકનંદા

આ એકાંકીમા અલકનંદાનું પાત્ર પહેલા દશ્યને પ્રગટ કરવામાં સહાયભૂત બને છે. અલકનંદા ટીખળખોર છે. અન્ય સ્ત્રીઓ 'પુરુષ' શબ્દ અપશબ્દ છે એમ કહે છે ત્યારે અલકનંદા તેમની મજાક કરે છે. પણ પુરુષવાચક શબ્દ ઉચ્ચારનારને કામિની આજીવન કારાવાસ આપી દેશે એની જાણ પણ અલકનંદા જ કરે છે સ્ત્રીઓ જયારે રમત રમે છે ત્યારે અલકનંદા મનમાં ખરાબ વિચાર ન લાવવાની સલાહ આપે છે. આ સ્ત્રી પાત્ર પછીથી એક ખબરપત્રીની માફક નાટકમાં બનતા બનાવો, પ્રસંગોની માહિતીથી અન્ય સ્ત્રીઓને વાકેફ કરે છે.

આ પાત્ર ટીખળખોર, મજાકિયું, મશ્કરુ જણાય છે.

## (૫) દામિની

આ એકાંકીમાં આવતુ દામિનીનુ પાત્ર ચતૂર નારી જેવું છે. યામિનીને ઉબકો આવે છે ત્યારે દામિનીને યામિની ઉપર શંકા જાય છે. યામિની રહસ્ય છુપાવવાનો પ્રયત્ન કરે છે પણ દામિની હકીકત પામી જાય છે. એટલુ જ નહિ પણ કામિની સગર્ભા થઈ છે અને લવંગિકાનો વધ કરાવી પછી કામિનીએ પુત્રને જન્મ આપ્યો છે એ વાતની જાણ સૌ પ્રથમ દામિનીને જ થાય છે. દામિનીને યામિની અને તેના આવનાર સંતાનની પણ ચિંતા હોય છે કારણ કે યામિની જો પુત્રને જન્મ આપે તો કામિની તેના પુત્રને દૂધપીતો કરી દેશે તેવો તેને ડર હોય છે. દામિની યામિનીના પુત્રને દૂધપીતો કરવાની વાત ભામિની પાસેથી જાણે છે ત્યારે દામિની "ના, ના, મારાંથી એ નથી સાભળ્યું જતું" (તીડ-પૃ-૬૮) એમ કહી એ

અંત્યંત દુઃખી થઇ જાય છે. આમ, નાટકમાં ગુપ્ત બાબતો જાણવામાં કુશળ એવું દામિનીનુ પાત્ર અહી એક સંવેદનશીલ પાત્ર તરીકે પ્રત્યક્ષ થાય છે. દામિનીનું પાત્ર શંકાશીલ હોવાચતામં ચતૂર, દયાળુ અને સંવેદનશીલ યુવતી તરીકે પ્રતીત થાય છે.

### (૬) લવંગિકા

આ એકાંકીમા એક જ માત્ર પુરુષપાત્ર છે અને તે લવંગનું લવંગ અનાયાસે કામરું દેશમા આવી ચઢે છે અને પોતાનો જીવ બચાવવા લવંગિકા નામ ધારણ કરી સ્ત્રી વેશે રહે છે. લવંગ તરુણ હોય છે પણ એનો અવાજ સ્ત્રી જેવો જ હોય છે. યામિની તેની સાથે દેહ સબંધ બાંધતા સગર્ભા બને છે. પુરુષ માત્રનો વિરોધ કરતી કામિની પણ લવંગ ઉપર બાળાત્કાર કરે છે અને લવંગનો વધ કરાવી નાખે છે. આ એકાંકીમાં લવંગનું પાત્ર ભલે ભીરુ જણાતુ હોય, કામિનીએ તેની હત્યા પણ કરાવી નાખી હોય પરંતુ લવંગના કારણે જ બ્રહ્મચર્યનો દંભ કરતી અને અન્ય સ્ત્રીઓને પણ બ્રહ્મચર્યના કડક નિયમોનુ પાલન કરાવતી કામિનીના દંભ, પાખંડ ઉઘાડા પડે છે. એટલુ જ નહી પણ કામિની લવંગની હત્યા કરાવી નાખેં છે. એકાંકીમાં બનતી એ ઘટના દ્વારા કામિનીનું પાત્ર કેટલું ક્રુર, ઘાતકી પાત્ર છે તેનો પણ અંદાજ મળી રહે છે. સ્ત્રીઓને બ્રહ્મચર્યનુ પાલન કરાવવામાં માનતી અને પુરુષનિષેધમાં માનતી કામિની ખૂદ વાસનાભૂખી હોય છે એ બાબતની પ્રતીતિ લવંગના પાત્ર દ્વારા જ થાય છે. આ ઉપરાંત કામિની અને યામિનીનું માતૃત્વ જાગૃત કરવામાં અને અન્ય સ્ત્રીઓનુ સ્ત્રીત્વ બહાર લાવવામાં લવંગનુ જ પાત્ર કારણભૂત બને છે. આ નાટકામાં લવંગનું પાત્ર ભલે સામાન્ય કોટિનુ જણાય, પરંયુ આ પાત્ર કામિનીનું હૃદય પરિવર્તન કરાવવામાં અગત્યની ભૂમિકા ભજવી જાય છે. આ ઉપરાંત 'કામરું' એકાંકીમાં મહત્ત્વના પ્રસંગો જેવા કે કામિનીની સગર્ભાવસ્થા, કામિની દ્વારા શક્તિ યજ્ઞનું આયોજન, કામિનીએ લવંગ પર કરેલો બાળાત્કાર, યામિનીના પુત્રાને દૂધપીતો કરવાનો કામિનીએ કરેલો હુકમ, યામિનીએ કામિનીના હુકમનો કરેલો પ્રબળ વિરોધ-યામિનીએ કરેલી ક્રાંતિ, કામરું દેશની સ્ત્રીઓને કામિનીની ગુલામીમાંથી મળેલી મૂક્તિ વગેરે પ્રસંગો પાછળ લવંગનું પાત્ર જ કારણભૂત બને છે. એ રીતે જોતા આ એકાંકીને ગતિશીલ રાખવામાં લવંગના પાત્રનો સિંહફાળો છે એમ નિઃશંક કહી શકાય. લવંગિકાનું પાત્ર ભલે ભીરુ જણાય પણ કામિનીના દંભ, પાખંડ ઉઘાડા પાડવામાં તથા બધી સ્ત્રીઓને મૂક્તિ અપાવવામાં આ પાત્ર અગત્યની ભૂમિકા ભજવી જાય છે.

### (૭) કિશોરી -૧

કિશોરી-૧ ના સંવાદોમાં બાળસહજ ચંચળતા અને કૂતુહલતા જણાય છે. તેનુ કૂતુહલ જ પ્રથમ દશ્યનું ચાલકબળ બને છે. આ પાત્રમાં ગંભીરતા જોવા મળતી નથી.અહી કિશોરી-૧ ના પાત્રમાં ચંચળતા અને કૂતુહલતા જોવા મળે છે પણ ગંભીરતા જોવા મળતી નથી.

### (૮) કિશોરી -૨

કિશોરી-૨ના સંવાદોમાં પણ કૂતુહલતા જોવા મળે છે. પાચમાં દશ્યમાં તેની બાલસહજ જિજ્ઞાસાવૃત્તિથી કામિનીની સગર્ભાવસ્થા અને લવંગના મૃત્યુનું રહસ્ય સ્ફૂટ થાય છે. કિશોરી-૨: "એવો ક્યોં જીવ છે જેમાં સમાગમ બાદ તરત જ માદા નરને ખાઇ જાય અને પછી નિરાંતે બચ્ચાને જન્મ આપે છે.? (તીડ-પૃ-૬૬) આમ આ પાત્ર સામાન્ય લાગે છે પણ વસ્તુને ઉઘાડી આપે છે. આમ, આ પાત્રાની જિજ્ઞાસાવૃત્તિથી કામિનીના દંભ પાખંડનો પર્દાફાશ થાય છે.